# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/127 Dt. 09/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરની આગેવાનીમાં ભારતભરના તમામ એમએમએફ ટેક્ષ્ટાઇલના મોટા ભાગના એસોસીએશનોની જીએસટી દરો બાબતે ઓનલાઇન મિટીંગ મળી

**યાર્નના રો મટિરિયલ ઉપર ૧૮ ટકા જીએસટી દર યથાવત રહેવાને કારણે મોટા પ્રમાણમાં ITC ક્રેડિટ રિફંડ સરકારમાં જમા રહેવાની ઉદ્યોગકારોએ ભીતિ દર્શાવી**

**ઓનલાઇન મિટીંગમાં કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ, સાઇમા, સધર્ન ઇન્ડિયા મીલ્સ એસોસીએશન, મેટેકસીલ SRTEPC, નાયલોન સ્પિનર્સ એસોસીએશન, નવી દિલ્હીનું ટેક્ષ્ટાઇલ એસોસીએશન, એસોસીએશન ઓફ સિન્થેટિક ફાઇબર ઇન્ડસ્ટ્રી, પોલિએસ્ટર ટેક્ષ્ટાઇલ એપરલ ઇન્ડસ્ટ્રી એસોસીએશન, પેડેક્સિલ અને પીટીએ યુઝર એસોસીએશનોના પ્રતિનિધિઓ જોડાયા**

**૧૨મી સપ્ટેમ્બરે નવી દિલ્હી ખાતે રેવન્યુ વિભાગમાં મળનારી મિટીંગમાં ટેક્ષ રિસર્ચ યુનિટના અધિકારીઓ સમક્ષ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો દ્વારા રજૂઆત કરાશે, ગારમેન્ટ ઉપરથી ૧૮ ટકાનો જીએસટી દર કાઢીને ૫ ટકા કરવાની પણ રજૂઆત કરાશે**

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની આગેવાનીમાં ભારતભરના તમામ એમએમએફ ટેક્ષ્ટાઇલના મોટા ભાગના એસોસીએશનોની જીએસટી દરો બાબતે મંગળવાર, તા. ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ઓનલાઇન મિટીંગ મળી હતી, જેમાં કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ, સાઇમા, સધર્ન ઇન્ડિયા મીલ્સ એસોસીએશન, મેટેકસીલ એસઆરટીઇપીસી, નાયલોન સ્પિનર્સ એસોસીએશન, નવી દિલ્હીનું ટેક્ષ્ટાઇલ એસોસીએશન, એસોસીએશન ઓફ સિન્થેટિક ફાઇબર ઇન્ડસ્ટ્રી, પોલિએસ્ટર ટેક્ષ્ટાઇલ એપરલ ઇન્ડસ્ટ્રી એસોસીએશન, પેડેકિસલ અને પીટીએ યુઝર એસોસીએશનોના પ્રતિનિધિઓ જોડાયા હતા.

ઉપરોકત તમામ એસોસીએશનોના પ્રતિનિધિઓએ હાલમાં જ મળેલી ૫૬મી જીએસટી કાઉન્સીલની મિટીંગમાં યાર્નના રો મટિરિયલ ઉપર ૧૮ ટકા જીએસટી દર યથાવત રહેવાને કારણે મોટા પ્રમાણમાં ઇન્વર્ટેડ ડયૂટીમાં ભારતના તમામ સિન્થેટિક યાર્ન – સ્પિનર્સ આવી ગયા હોવાથી આ ઉદ્યોગકારોની ખૂબ મોટા પ્રમાણમાં આઇટીસી ક્રેડિટ રિફંડ સરકારમાં જમા રહેવાની ભીતિ દર્શાવી હતી.

મોટા ભાગના સ્પિનર્સ એક્ષ્પાન્શન કરવાના પ્લાનિંગમાં હતા ત્યારે આટલી મોટી રકમ ઇનપુટ ટેક્ષ ક્રેડિટમાં સરકારમાં જમા રહેશે, જેના કારણે મશીનરી પર લાગેલો ટેક્ષ આજીવન સુધી વસૂલ કરી શકાશે નહીં, જેના કારણે ભારતનું એમએમએફ ટેક્ષ્ટાઇલનું ઉત્પાદન વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રહેશે નહીં, જેના કારણે ભારતના તમામ સ્પિનર્સને નુકસાન થશે. ગણતરી પ્રમાણે કિલો દીઠ આશરે ૯ રૂપિયાની જીએસટી ક્રેડિટ જમા રહેશે.

મિટીંગમાં ઉપરોકત તમામ એસોસીએશનોનો એકસૂર હતો કે, કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં જીએસટી દરોમાં જે બદલાવ કર્યો છે તેને કારણે ફેબ્રિકના સ્તરે ઇન્વર્ટેડ ડયૂટી દુર થઇ છે, પરંતુ યાર્નના સ્તરે ખૂબ જ મોટા પ્રમાણમાં ઇન્વર્ટેડ ડયૂટી આવી ગઇ છે, આથી ટેક્ષ્ટાઇલના પ્રથમ રો મટિરિયલ પેરાઝાઇલિન, કેપ્રોલેકટમ, એમઇજી, પીટીએ તથા નાયલોન અને પોલિએસ્ટર ચીપ પર જીએસટી દર ૧૮ ટકાથી ૫ ટકા કરવાની જરૂર છે. આખા એમએમએફ ટેક્ષ્ટાઇલ વેલ્યુ ચેઇનમાં કયાંય પણ ઇન્વર્ટેડ ડયૂટી નહીં હોવી જોઇએ. આખી વેલ્યુ ચેઇનમાંથી ઇન્વર્ટેડ ડયૂટી દુર કરીશું ત્યારે ભારતનો ટેક્ષ્ટાઇલ ઉદ્યોગ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક થશે.

વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતથી ૩૫૦ બિલિયન યુએસ ડોલરનો ટેક્ષ્ટાઇલ એક્ષ્પોર્ટનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે આવતા ૫ વર્ષોમાં પોલિએસ્ટર યાર્ન ક્ષેત્રે લગભગ ૨૪૦૦૦ કરોડના રોકાણની જરૂર છે. જ્યારે એમઇજી, પીટીએના ઉત્પાદન ક્ષેત્રે લગભગ ૪૦૦૦૦ કરોડના રોકાણની જરૂરિયાત છે. જો સરકાર ઇન્વર્ટેડ ડયૂટી ખસેડશે નહીં તો તેની ખૂબ ગંભીર અસર આ રોકાણ પર પડશે. હાલમાં અમેરિકા દ્વારા ૫૦ ટકા ટેરિફ ભારત પર લગાવવામાં આવ્યું છે ત્યારે ઘણા ઉત્પાદકોનું યાર્ન અમેરિકા એક્ષ્પોર્ટ થતા બંધ થઇ જશે અને ડોમેસ્ટીક ક્ષેત્રે યાર્ન ઉત્પાદકો જો સ્પર્ધાત્મકતા ગુમાવશે તો ટેક્ષ્ટાઇલ પ્રોડકટનું ઇમ્પોર્ટ વધી જશે એવી ચિંતા તમામ ઉદ્યોગકારોએ વ્યકત કરી હતી.

કેન્દ્ર સરકાર દ્વારા તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હી ખાતે રેવન્યુ વિભાગમાં ટેક્ષ્ટાઇલ ક્ષેત્ર માટેની મિટીંગ ગોઠવવામાં આવી છે. આ મિટીંગમાં ભારતભરના એસોસીએશનોના પ્રમુખો ટેક્ષ રિસર્ચ યુનિટના અધિકારીઓને મળી ઉપરોકત મામલે રજૂઆત કરશે. આ આખી ડિમાન્ડ ભારતભરના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોની છે.

ઉપરોક્ત મિટીંગમાં રૂપિયા ૨૫૦૦થી ઉપરના ગારમેન્ટ ઉપર સરકારે ૧૮ ટકા જીએસટી દર લગાવ્યો છે તેનો પણ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો દ્વારા સખત વિરોધ કરવામાં આવ્યો હતો. ગારમેન્ટ ઉપર ૧૮ ટકાનો જીએસટી દર ગ્રાહકોને ખૂબ જ મોંઘો પડશે, આથી ગારમેન્ટ ઉપરથી ૧૮ ટકાનો જીએસટી દર કાઢીને ૫ ટકા કરવાની રજૂઆત પણ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો દ્વારા ૧૨મી સપ્ટેમ્બરે નવી દિલ્હી ખાતે મળનારી મિટીંગમાં કરાશે.